પુજય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃ સ્થાપન યોજનાના ઠરાવની જોગવાઈમાં સ્પષ્ટતા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૦૩-૨૨૦૧-ગ.
સચિવાલય , ગાંધીનગર
તારીખ : ૩૧-૩-૨૦૦૪

વંચાણે લીધા :-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૯૭-ન.બા.૩૩-ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તારીખ ૨૩-૨-૨૦૦૪ નો ઠરાવ

<u>ઠરાવ</u> :-

આમુખમાં દર્શાવેલ ક્રમાંકઃ ૨ માં દર્શાવેલ વિભાગના સરખા ક્રમાંકના તા. ૨૩-૨-૨૦૦૪ ના ઠરાવથી જે સ્પષ્ટતા કરવામાં આવી છે તેમાં પેરા નંબર (૧) ઠરાવની જોગવાઈ ૩ (૧) ને બદલે ૨ (૩) વાંચવું.

(૨) મુદ્દા નંબર (૨) અન્વયે જણાવવાનું કે, આ યોજનાના મૂળ ઠરાવ (૯-૧૨-૨૦૦૦) ની જોગવાઈ ૩ (૬) માં સ્પષ્ટ જણાવેલ છે કે ખાસ કિસ્સા તરીકે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન ને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમે લોન આપવાની રહેશે. આ લોન બિન-વ્યાજકીય લોન ગણવાની રહેશે. મૂળ ઠરાવની જોગવાઈ ૩ (૬) સ્વયંસ્પષ્ટ જ છે. ઉપરાંત આવા મકાનોની સીડી, સીડીનો કઠેડો, ધાબાની પેરાફીટ તથા કોલોનીના સાર્વજનિક જાજરૂના સામુહિક રીપેરીંગ ખર્ચ માટે આ જોગવાઈમાંથી સહાય પેટે તમામ મહાનગરપાલીકા/નગર-પાલિકાઓને આપી શકશે.

(૩) સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને રહેણાંકના મકાનો આપવા બાબતે ડૉ. આંબેડકર આવાસ યોજનાના ધારાધોરણ મુજબ સહાયની રકમ આપવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

( કે.એલ.તબિયાર )
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- મા. મુખ્યમંત્રીશ્રીના અંગસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (સામાજીક ન્યાય અને અધિકારીતા ) ના અંગત સચિવશ્રી, સચિવાલય , ગાંધીનગર

(181)

- વિરોધ પક્ષના મા. નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય , ગાંધીનગર
- માન. નાયબ મંત્રીશ્રી, (સામાજીક ન્યાય અને અધિકારીતા ) ના અંગત સચિવશ્રી, સચિવાલય , ગાંધીનગર
- સર્વે મા. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- રાજ્યકક્ષાની સમિતિના સર્વે સભ્યો.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ
- વિકાસ કમિશ્નર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગાંધીનગર
- ઉધોગ કમિશ્નર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- વહીવટી સંચાલક,ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગર
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- સર્વે નગરપાલિકાઓ ના મુખ્ય અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ,
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ, ( પંચાયત )
- સર્વે જિલ્લા મેનેજરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ, ( ગ.શાખા સિવાય )
- સિલેકટ ફાઈલ

ક્ર મેચઃ બરત : પેજઃ ૧૮